

(તસવીર : દિપેશ પરમાર )


(તસવીર : દિપેશ પરમાર )



(તસવીર : દિપેશ પરમાર )

શિયાળાની મૉસમ એ જેમ ખાવાપીવા માટે મૉજની મૉસમ છે એમ શાળા-મહાશાળાઓ માટે વાર્ષિકોત્સવો, રમતોત્સવો અને સાંસ્કૃતિક કાર્યક્રમોની મૉસમ છે. મહત્તમ વાર્ષિક સમારંભો, રમતોત્સવો અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ મૉસમમાં યોજાય છે. પ્રસ્તુત તસવીર પણ આવા જ એક સાંસ્કૃતિક કાર્યક્રમની છે, જે કોબા ખાતે યોજવામાં આવ્યો હતો. મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નૃત્યની વિવિધ કૃતિઓ રજૂ કરીને પોતાની કલાનું કૌશલ પ્રદર્શિત કર્યું હતું.

# જાન્યુઆરીમાં બે તબક્કામાં યોજાનાર શિક્ષકોની તાલીમ વૅકેશનમાં યોજવા માટે શિક્ષકોની માગ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ ગાંધીનગર દ્વારા માધ્યમિક શિક્ષકોને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત તાલીમ આપવામાં આવે છે, જે સંદર્ભે તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૩થી ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૩ તથા ૨૧મી જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી, ૨૦૧૩ એમ બે તબક્કામાં શિક્ષકોની તાલીમ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બાબતનો શિક્ષકોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને તાલીમ વૅકેશનમાં યોજાય તેવી માગ કરી છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનું કારણ આગળ કરતાં જણાવ્યું છે કે આ સમયગાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસમય બની ગયા હોય છે અને શિક્ષકો એમનો અભ્યાસક્રમ પૂર્ણ કરવા મથી રહ્યા હોય છે. તેથી જો આ સમયગાળામાં તાલીમ ગોઠવાશે તો બાળકોનો અભ્યાસ બગડવાની સંભાવના રહેલી છે.

વળી, તાલીમની જાહેર થયેલી તારીખોમાં કે તે સમયગાળામાં બૉર્ડની ચૂંટણીની સંભાવના પણ છે, જેના કારણે શિક્ષકોની તાલીમમાં વિક્ષેપ પડી શકે તેમ છે. ઉપરાંત આ જ સમયગાળામાં તમામ જ્ઞાતિનાં લગ્નોની મૉસમ પણ હોવાથી શિક્ષકોની પાંખી હાજરી મળવાની પુરી સંભાવના છે.ઉલ્લેખનીય છે કે છેલ્લાં ત્રણેક વર્ષથી નિવાસી તાલીમ બંધ કરવામાં આવી હતી, જે આ વખતે ચાલુ કરવામાં આવતાં મહિલા શિક્ષકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. અગાઉ રાત્રિ રોકાણ દરમ્યાન શિક્ષિકા બહેનો સાથે થયેલી ગેરવર્તણૂંક થયાના દાખલા હોવાથી બહેનો આ તાલીમ માટે નારાજગી વ્યક્ત કરી રહી છે. આમ, શાળા અભ્યાસ કામગીરીમાં વિક્ષેપ ન ઉદ્ભવે તે માટે બોર્ડ તાલીમના સમયમાં, તારીખમાં ફેરફાર કરવામાં આવે એવી માગ સૌ શિક્ષકોએ વ્યક્ત કરી છે.

# નેશનલ ફેન્સીંગ હરિફાઈમાં ૨૫ ખેલાડીઓ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૩

૫૮મી શાળાકીય નેશનલ ફેન્સીંગ સ્પર્ધા માટેની ટીમમાં ૨૫ ખેલાડીઓ પસંદગી પામ્યા છે. આ ખેલાડીઓને સઘન તાલીમ તા. ૨૯મી ડિસેમ્બરે ખોખરા ખાતે રમતગમત સંકુલમાં અપાશે. તા. ૧૦મી જાન્યુઆરીએ જલગાંવ (મહારાષ્ટ્ર), ખાતે શાળાકીય નેશનલ ફેન્સીંગ સ્પર્ધા યોજાશે.

ગાંધીનગરના ૨૫ ખેલાડીઓમાં વયગ્રુપનાં પ્રેરણા વિદ્યાલયના ઠાકોર અમરસિંહ, યાદવ મિતેષ, વાઘેલા વિજય તથા અંબા સ્કૂલના પરીખ પાર્થ, લાઠિયા યશ, ઠાકોર પાર્વતી, નીનામા સુરેખા, પ્રજાપતિ રીયા, પ્રજાપતિ જાનવી પસંદગી પામ્યા.

રાજયકક્ષાની સ્પર્ધા માટે દરેક જિલ્લામાંથી ૧૨ ખેલાડીઓની પસંદગી કરીને હરિફાઈ કરવા માટે ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશનના મંત્રી ભરત જી. ઠાકોર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય કક્ષાએ પસંદ પામેલા ખેલાડીઓને કોચ ભરત જી. ઠાકોર, હિંમતજી ઠાકોર, પ્રમુખ સંજીવ મહેતાએ અભિનંદન પાઠવ્યા છે.


ગાયત્રી પરિવાર દ્વારા બલરામ ભવન હૉલ, સેક્ટર-૧૨ ખાતે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આધ્યાત્મિક અને જીવન ઉપયોગી સાહિત્ય રાહત દરે વેચાણ અર્થે મૂકવામાં આવ્યું છે. (તસવીર : દિપક જાની)

## કાવ્ય રંગ

### શાબ્દિક ચિત્ર ચૂંટણી પરિણામનું

ભગવો ભાજપનો ભઈ ચોમેર લહેરાયો...
સર્વત્ર કરિશ્મા નરેન્દ્ર મોદીનો છવાયો...
કોમવાદ - જ્ઞાતિવાદને મળ્યો જબ્બર જાકારો...
કોંગ્રેસને ભાગે આવ્યો ઘોર પરાજય સકારો...
'હેટ્રીક' નોંધાવી ન.મો.એ. ભાજપને સંગીન કર્યું...
પરિવર્તનનું થયું સૂરસૂરિયું, પુનરાવર્તન સાચું ઠર્યું...
ભાજપ-કોંગ્રેસના પ્રમુખોએ પરાજય અણધારા વેઠ્યા...
દિગ્ગજો કૈં કોંગ્રેસના ને મંત્રીઓ જ ભાજપ ના હાર્યા...
દિશા સાધી ભાજપે ધ્યેય કેન્દ્રિય સિધ્ધ કર્યું...
માઠી દશા થઈ કોંગ્રેસની સમણું સત્તાનું સરી ગયું...
'કમળ' ખીલ્યાં ચહુદિશ સારાયે ગુજરાતમાં...
'પંજો' ભૂંસાયો અહર્નિસ સારાયે ગુજરાતમાં...

- ભરત કવિ 'ઉર્મિલ'

### ગઝલ

છાંયડો તડકાને લીધે હોય છે,
ને સુખ પણ દુઃખોને લીધે હોય છે.
આ સમજ આમ તો સહજ,
નાસમજ માટે એ અચરજ હોય છે.
માનવીના મનમાં અંદેશા હોય છે,
'મિસ્ડ કૉલ' માં પણ સંદેશા હોય છે.
થાય છે સઘળું એના જ સમયે પણ,
વહેલું - મોડું તો ઘડીયાળના લીધે હોય છે.
ખૂબ ચાહે છે બધાં ને દુશ્મનો ય અનેક છે,
શબ્દથી સંબંધનો રાગ બદલાતો હોય છે.
શબ્દની જાહોજલાલીને શબ્દની વાહવાહ
એટલે જ ઈશ્વર કાયમ નિઃશબ્દ રહેતો હોય છે.
ગરજવાને ને વરસવાને ઝાઝો સંબંધ હોતો નથી,
ખૂબ અનુભવ પછી કહેવત રચાતી હોય છે.
જીંદગીની માર્ગદર્શિકા કોઈ મળતી નથી,
જીવી ગયા પછી જ એ કાયમ ચર્ચાતી હોય છે.
માનવીને શૂન્યની સરખામણી થઈ એટલે,
આમ કિંમત કાંઈ નહીં, બસ સ્થાન કિંમત હોય છે.
શૂન્યોની સભા મળી, બોલ્યા તફાવત હોય છે,
કેટલા ગણી જૂઓ માણસમાં ખૂણા હોય છે.
સાંભળી સહુને પછી હું બોલવા ઊભો થયો છું,
શબ્દની ચોરી હંમેશા 'બે ગુનાહ' હોય છે.
કોઈને સમજાય એવું હું કદી બોલ્યો નથી,
એટલે તો તાળીઓનો ગડગડાટ હોય છે.

- ડૉ. મુકેશ જોશી

### ગઝલ

એક ને એક બે થઈ જાય તો ય બહુ,
મારી જ મુલાકાત મળી જાય તો ય બહુ.
મૌનમાં બોલી બોલીને થાકી ગયો છું હું,
શબ્દ એકાદ બહાર આવી જાય તો ય બહુ.
થશે વાતનું વતેસર, એ વાતમાં કંઈ માલ નથી,
વાત - વાતમાં એ 'વાત' થઈ જાય તો ય બહુ.
મોક્ષનો અનુભવ નથી, એ મેળવીને શું કરૂં?
જિંદગી થોડુંક માની જાય તો ય બહુ.
સંગ્રહ મીંડાઓ એટલે કર્યા કરૂં છું હું,
એકાદ આંક બીજો મળી જાય તો ય બહુ.
ક્ષિતિજને પેલે પારની તું વાત છોડ ને,
અંતરમાં તારા એક નજર નાખ તો ય બહુ.
હું કયાં કહું છું કાયમ સાચો ગણો મને,
એકાદવાર કયારેક થઈ જાય તો ય બહુ.
સમજો, સમજો કહે છે, સમજતા નથી એ સહુ,
આ ગઝલ છે, થોડીક સમજાય તો ય બહુ.
બે હાથે તાળીઓની તમન્ના નથી મને,
એકાદ હાથ ઊંચો થઈ જાય તો ય બહુ.

- ડૉ. મુકેશ જોશી

# આદર્શ નિવાસી શાળામાં કબડ્ડી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૮માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કુમાર શાળામાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપલક્ષમાં ધોરણ-૯, ૧૦ અને ૧૧ના વિદ્યાર્થીઓ વચ્ચે કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાઈનલ સ્પર્ધામાં ધોરણ-૧૦ 'અ'ની ટીમ વિજેતા બની હતી.

આદર્શ નિવાસી શાળાના ધોરણ-૯-અ અને ધોરણ-૧૦-અના વિદ્યાર્થીઓની ટીમ વચ્ચે કબડ્ડી ફાઈનલ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સમગ્ર સ્પર્ધામાં ધોરણ-૧૦-અના વિદ્યાર્થીઓએ સુંદર પ્રદર્શન કરી વિજય હાંસલ કર્યો હતો. શાળાના મદદનીશ શિક્ષક એસ.કે. પરમારે આ રમતોત્સવનું આયોજન કર્યું હતું. આચાર્ય એ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને ભાગ લેનારને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# આર.જી. પટેલ શાળાના કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં ૪૩૩ વિદ્યાર્થીનીઓ જોડાઈ

## સફળ થવા સાધન નહીં સાધના જરૂરી...!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ માટે બ્રહ્માણી કૃપા હોલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ સેમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બી.બી.એ। કોલેજના પ્રો. જહોન મેથ્યુના માર્ગદર્શન હેઠળ કારકિર્દી સેમિનારનું બ્રહ્માણી કૃપા હોલ ખાતે આયોજન થઈ ગયું. શાળાના આચાર્યા સુધાબેન પટેલના સહયોગથી શાળાની ૪૩૩ જેટલી વિદ્યાર્થિનીઓ સેમિનારમાં જોડાઈ હતી. `સેમિનારમાં વિદ્યાર્થિનીઓને હકારાત્મક અભિગમ અપનાવી જીવનરૂપી સંઘર્ષમાં આગળ કેમ વધવું? તેના માટે સરસ સ્લાઈડ શો અને મુવી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાધનના અબાવે નિષ્ફળ નથી થવાતું પણ સાધનાના અભાવે નિષ્ફલ થવાય છે. એવરેસ્ટ ઉપર એકલ દોકલ વ્યકિત જ જોવા મળે છે. જે મહેનત-સાધના કરે છે તે જ ત્યાં પહોંચી શકે છે.

કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ પ્રવહના દરેક વર્ગ શિક્ષકનો યોગ્ય સહકાર સાંપડયો હતો. મનુભાઈ, હંસાબેન, નલિનીબેન, દિલહરબા જાડેજા, અનિલભાઈ, વિશ્વાસભાઈ અન ગીતાબેન વગેરેએ ખૂબ જ ઉત્સાહથી સમગ્ર કાર્યક્રમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સેમિનારમાં હકારાત્મક અભિગમ જીવનમાં રાકવાતઈ કોઈ પણ મુશ્કેલીનો સામનો સરળતાથી કરી શકાય છે. અન જીંદગી જીવવામાં પણ આનંદ મળે છે તે વાતને વિડીયો દ્વારા ખૂબ જ સરસ રીતે વિદ્યાર્થિનીઓને સમજાવવમાં આવી હતી.

# ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા આજથી વિધિવતરીતે શરૂ થશે

## પ્રથમ વર્ષ આર્ટ્સ, સાયન્સ,કોમર્સના પ્રથમ સેમિસ્ટરની પરીક્ષા

અમદાવાદ,તા. ૨૩

ગુજરાત યુનિવર્સિટી (જીયુ)પ્રથમ વર્ષ આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીના પ્રથમ સેમિસ્ટરની પરીક્ષા આવતીકાલથી શરૂ થઈ રહી છે જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાને લઈને વહીવટી પગલાઓ લેવામાં આવી ચુક્યા છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ આર્ટ્સ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહના ત્રીજા સેમિસ્ટરની પરીક્ષા પણ આવતીકાલથી શરૂ થઈ રહી છે. છેલ્લીઘડી સુધી પરીક્ષાને લઈને કેટલીક ફરિયાદો રહી હતી પરંતુ આ ફરિયાદોને હવે દૂર કરી દેવામાં આવી છે. ઘણા વિદ્યાર્થીઓને તેમના હોલ ટિકિટ ડાઉનલોડને લઈને તકલીફ હતી. શનિવારે એચએલ કોલેજ ઓફ કોમર્સ, જેજી કોલેજ ઓફ કોમર્સ, આરએચ પટેલ કોલેજ ઓફ કોમર્સ જેવી કોલેજોના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મુશ્કેલીઓમાં મુકાઈ ગયા હતા. કારણ કે આ વિદ્યાર્થીઓને ઘોડાસર, નરોડા અને રખિયાલ જેવા દૂરગામી પૂર્વિય વિસ્તારમાં કોલેજોમાં જગ્યા આપવામાં આવી છે.

ઘણા વિદ્યાર્થીઓએ આને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. પ્રથમ વર્ષના એક વિદ્યાર્થીએ કહ્યુ હતુ કે હું ઘાટલોડિયામાં રહુ છુ અને પરીક્ષા નરોડામાં આપવાની છે જેથી ઘણી અડચણો ઉભી થનાર છે. કોલેજ શોધવામાં પણ સમય લાગ્યો છે. બીજીબાજુ ગુજરાત યુનિવર્સિટીના અધિકારીઓને પણ રજુઆત કરવમાં આવી હતી. તેમનું કહેવું છે કે પરીક્ષા સેન્ટર તરીકે ગુજરાત કોલેજ સાથેના ૧૦૦૦ વિદ્યાર્થીઓને ફી રિસિપ્ટ આપી દેવામાં આવી છે.

જીયુના અધિકારીઓનું કહેવું છે કે તેઓએ પરીક્ષા સેન્ટર ગુજરાત કોલેજથી સીફટ કરીને સોલ ઉમિયા કેમ્પસમાં કર્યુ છે. શનિવાર અને રવિવારના દિવસે રજા હતા. જીયુના અધિકારીઓ વિદ્યાર્થીઓને તકલીફ ન પડે તેની ખાતરી કરવાના પ્રાયસ કરી રહ્યા છે. વહીવટી અડચણોના લીધે યુજી અને પીજી પરીક્ષાને લઈને કેટલાક લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

# ઈંગ્લીશ સ્કૂલ રાંધેજામાં બાળ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

ઈંગ્લીશ સ્કૂલ રાંધેજામાં જિલ્લા રમતગમત ખાતાના સંયુક્ત ઉપક્રમે જે.એસ.પટેલ વિદ્યામંદિર રાંધેજાના પટાંગણમાં ગાંધીનગર જિલ્લા બાળપ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ, રમતગમત પરિષદના સચિવ અશોકભાઈ રાવલે બાળકોને ભાગ લેવા માટે અભિનંદન આપ્યા હતા. લગ્ન ગીત, લોકગીત, વકૃત્વ સ્પર્ધા, ભજન, નિબંધ સ્પર્ધાઓનાં ૧૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ઈંગ્લીશ સ્કૂલ રાંધેજાના બાળકો કેટલીક રમતોમાં પ્રથમ નંબરે આવ્યા હતા. જેમાં ઈંગ્લીશ સ્કૂલ રાંધેજાના બાળકો કેટલીક રમતોમાં પ્રથમ નંબરે આવ્યા હતા. જયોત્સનાબેન ચૌધરી, છાયાબેન પટેલ તથા બલેવિયાબેન, આશાબેન પટેલે જહેમત ઉઠાવી હતી. સંચાલન ભીખાભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, અનિલભાઈ નાયકે કર્યું હતું.

# આજે આપણે Adjectivesનો અભ્યાસ કરીએ

## અંગ્રેજી વ્યાકરણનું અનિવાર્ય અંગ એટલે વિશેષણ (Adjective)

### આવો અંગ્રેજી શીખીએ
- ચેતના બુચ

**Adjective** (વિશેષણ)

મિત્રો, આપણે ગયા અઠવાડિયે સર્વનામના પ્રકારોનો અભ્યાસ કરેલ. હવે આજે એવું જ અંગ્રેજી વ્યાકરણનું અનિવાર્ય અંગ એટલે વિશેષણ (Adjective)

નામના અર્થમાં વધારો કરનાર શબ્દને વિશેષણ કહેવાય.

**What kind ? Which ? How many ? How much ?** જેવા પ્રશ્નોના ઉત્તરરૂપે વિશેષણ (Adjective) મળે

e.g. This is a **beautiful** Flower.
She is a **nice** girl.

ઉપરોક્ત વાક્યમાં ઉપસાવેલ ભાગ તે (Adjective) છે.

● Kind of Adjectives. (વિશેષણના પ્રકારો)

**(1) Adjective of Quality.**
**(ગુણવાચક વિશેષણ)**

- આ વિશેષણ વ્યક્તિ કે વસ્તુના નામનો ગુણ દર્શાવે છે.

e.g. Mr. Mehta is a rich man.
This is a red Paper.

ઉપરોક્ત વાક્યમાં અનુક્રમે rich અને red એ વિશેષણ છે જે ગુણ દર્શાવે છે.

**(2) Adjective of Quality.**
**(જથ્થાવાચક વિશેષણ)**

- આ વિશેષણ વસ્તુનો જથ્થો કે સમૂહ દર્શાવે છે.

e.g. I have enough feelings for you.
you had drunk some milk.

અહીં enough અને some એજથ્થો દર્શાવે છે.

**(3) Adjective of number**
**(સંખ્યાવાચક વિશેષણ)**

- વ્યક્તિ કે વસ્તુની સંખ્યા કે ક્રમ સૂચવતા શબ્દને સંખ્યાવાચક વિશેષણ કહેવાય.

e.g. We finished the First Chapter.
I have ten books in my bag.
He knows may languages.

- અહીં first, ten કે many એ સંખ્યાવાચક વિશેષણ છે.

**(3) Distributive Adjective**
(પરિણામવાચક વિશેષણ)

- આ વિશેષણ નામના એકમાત્ર વિભાગ તરીકે વપરાય છે.

e.g. Each girl got the certificate.
Every crow is black.

- અહીં each, every એ પરિમાણ દર્શાવે છે.

હવે બાકીનાં ચાર પ્રકાર આવતા સપ્તાહે શીખીશું.

**મિત્રો, આજે પરિચયાત્મક શબ્દોના વિભાગમાં આપણે ચૂંટણી (Election) વિશેનાં નવા શબ્દોનો અભ્યાસ કરીએ**

Constituency (કોન્સ્ટીટ્યુઅન્સી) મતદાર વિભાગ
Suffrage (સફ્રેજ) મતાધિકાર
electoral roll(ઈલેકટોરલ રોલ) મતદાર યાદી
plebiscite (પ્લેબીસાઈટ) લોકમત
Bolter (બોલ્ટર) પાટલી બદલુ